# શાળાજીવનના 'વીરબાળા' ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યપ્રધાન બનશે

## શિક્ષણ ક્ષેત્રે અને રાજનીતિ ક્ષેત્રે અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર આનંદીબેન પટેલનું સબળ નેતૃત્વ ગુજરાતને પ્રાપ્ત : ગુજરાતનો વિકાસ આગળ ધપાવશે

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાતના ઈતિહાસમાં પ્રથમવાર મહિલા મુખ્યમંત્રી બનવા જઈ રહેલા આનંદીબેન પટેલ શાળાજીવનથી જ તેજસ્વી અને ઓજસ્વી પ્રતિભા ધરાવતા રહ્યા છે. ત્રણ દાયકા સુધી શિક્ષણ ક્ષેત્રમાં જીવન સમર્પિત કરનાર આનંદીબેન પટેલ રાજ્યસભા અને વિધાનસભામાં સતત ગાજતા રહ્યા છે અને ગુંજતા રહ્યા છે. ૧૯૮૭માં ભાજપમાં જોડાઈ રાજકીય કારકિર્દી આરંભી શિક્ષણમંત્રી, માર્ગ-મકાન મંત્રી અને મહેસુલ મંત્રી જેવા વહીવટી પદભારને સફળતાપૂર્વક વહન કરનાર આનંદીબેન પટેલ ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યપ્રધાન બનનાર છે. સ્પષ્ટ વક્તા, અસરકારક નેતૃત્વ અને કામ કરાવવાની કુશળતા આનંદીબેન પટેલને શિક્ષકમાંથી મુખ્યમંત્રી સુધીની યાત્રામાં મહત્વનું પરિબળ બની ગયા છે.



શિક્ષણ અને રાજકીય ક્ષેત્રે લાંબી સફળ કારકિર્દી ધરાવનાર શ્રીમતી આનંદીબેન પટેલનો જન્મ ૨૧મી નવેમ્બર, ૧૯૪૧ના રોજ મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના ખરોડ ગામે થયો હતો. તેમના પિતા જેઠાભાઈ પટેલ શિક્ષક હતા. શિક્ષક પિતાનું સંતાન આનંદીબેન પહેલાથી જ અભ્યાસમાં ખુબ તેજસ્વી હતા. શિક્ષણની અગત્યતા ખુબ નાની ઉંમરે સમજી ગયેલા આનંદીબેને સ્નાતક સુધીનો અભ્યાસ ખેતીવાડીનું કામ કરતા કરતા અનેક અડચણોની સાથે કર્યો.

આનંદીબેને ૮માં ધોરણમાં વિસનગરની એન.એમ. હાઈસ્કૂલમાં પ્રવેશ લીધો. આખી શાળામાં માત્ર ત્રણ જ છોકરીઓ હતી. તેમની શિક્ષણ વિષેની ધગશ અને આગ્રહના લીધે તેઓ ઘરમાં અને સમાજમાં એક નવો ચીલો દોરનાર વ્યક્તિ તરીકે જોવાઈ રહ્યા હતા.

જિલ્લા કક્ષાએ સતત ત્રણ વર્ષ તેઓ ૧૦૦, ૨૦૦, ૪૦૦ અને ૮૦૦ મીટરની દોડ સ્પર્ધા જીત્યા અને આ માટે જ તેમને 'વીરબાળા'નું હુલામણ નામ મળ્યું. મહેસાણા જિલ્લામાં રમત સ્પર્ધામાં પહેલા આવ્યા હોવાથી તેમને 'વીરબાળા' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા.

જૂન ૧૯૬૦માં તેમણે બીએસીમાં પ્રવેશ લીધો અને આખી કોલેજમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થયા પછી તેમણે અનુસ્નાતક અને શિક્ષણનું ભણતર પણ વિસનગરની એમ.એન. સાયન્સ કોલેજમાંથી પુરૂ કર્યું.

૧૯૬૭માં તેઓ મોહનીબા હાઈસ્કૂલમાં વિજ્ઞાન અને ગણિતના શિક્ષિકા તરીકે જોડાયા અને આ શાળાને ૩૦ વર્ષ સુધી સેવા આપી.

તેમની પ્રતિબદ્ધતા પરિશ્રમ અને વહીવટી કુશળતાના કારણે મોહનીબા હાઈસ્કૂલમાં તેમની પ્રિન્સિપાલ તરીકે નિમણૂંક કરવામાં આવી.

આનંદીબેને નર્મદામાં ડૂબી રહેલા બે વિદ્યાર્થીઓને પોતાના જાનના જોખમે બચાવ્યા. આના માટે તેમને ગુજરાતના રાજ્યપાલ દ્વારા ગેલેંટ્રી પુરસ્કાર આપવામાં આવ્યો.

નેવુના દસકાની શરૂઆતમાં તેઓ ભાજપમાં સક્રિય બન્યા. આનંદીબેન એ એક માત્ર મહિલા નેતા તરીકે ભારતીય જનતા પાર્ટીએ આયોજીત કરેલી એકતા યાત્રામાં ખૂબજ અસ્થિર પરિસ્થિતિમાં, અભૂતપૂર્વ હિંમત દાખવી અગત્યનું યોગદાન આપ્યું.

આનંદીબેને પોતાના રાજકીય કાર્યકાળની શરૂઆતમાં ૧૯૯૪માં એક સાંસદસભ્ય તરીકે કરી. એક સાંસદ તરીકે તેમના કાર્યકાળ દરમિયાન તેમણે

● અનુસંધાન પાન-૭ પર

# સચિવાલય-વિધાનસભામાં લોખંડી સુરક્ષા

## પદનામિત પ્રધાનમંત્રીના વિદાય સમારંભના પગલે એસ.પી.જી. સમકક્ષ સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ : વિધાનસભા સંકુલ પોલીસ છાવણીમાં ફેરવાયું

ગાંધીનગર, તા.૨૦

આવતી કાલે ૨૧મી મે એ ગુજરાત વિધાનસભાનું એક દિવસીય સત્ર યોજાશે જેમાં ગુજરાતના મુખ્યમંત્રી અને ભાવી -ધાનમંત્રી નરેન્દ્ર મોદી છેલ્લી વાર હાજરી આપશે. મોદીની સુરક્ષા વ્યવસ્થાનો સંપૂર્ણ પ્લાન તૈયાર કરી દેવામાં આવ્યો છે. વડા-ધાન પદ પર બેસવાની માત્ર ઔપચારિકતા જ બાકી રહી છે ત્યારે મોદીની સુરક્ષા પણ બમણી કરી દેવામાં આવી છે. આવતી કાલે મોદીના વિધાનસભા ઉપરાંત ગાંધીનગરમાં વિવિધ કાર્યક્રમો છે જેમાં તેઓ રાજીનામુંપણ આપવા જશે. જેને પગલે ગાંધીનગરમાં મોદી માટે એસ.પી.જી સમકક્ષ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. વિધાનસભા સંકુલને ફરતે લોખંડી સુરક્ષા ગોઠવીને પોલીસ છાવણીમાં ગોઠવી દેવામાં આવ્યું છે.



(તસવીર : દિપક જાની)

નરેન્દ્ર મોદીના વિદાય માટે વિધાનસભામાં યોજાયેલા ખાસ સત્રમાં મોદી સવારે ૧૧ વાગ્યે વિધાનસભા પહોંચશે. વિધાનસભા સમાપ્તિ બાદ નરેન્દ્ર મોદી બપોરે ૩ વાગ્યે રાજયપાલને ગુજરાતના મુખ્યમંત્રી પદેથી રાજીનામું સુ-ત કરશે. સમી સાંજે ૪ વાગ્યે નવા મુખ્યમંત્રીની વરણી માટે યોજાનાર ખાસ બેઠકમાં ટાઉનહોલ ખાતે ઉપસ્થિત રહેશે. અને સાંજે ૬.૨૦ વાગ્યે નવા હેલીપેડ ખાતે કર્મચારીઓની સભા સંબોધશે. ગાંધીનગર ખાતેના મોદીના આવતી કાલના આ તમામ કાર્યક્રમોને પગલે પોલીસ દ્વારા લોખંડી સુરક્ષા તૈયાર કરી દીધી છે.

૩ ડી.એસ.પી, ૧૩ ડી.વય.એસ.પી, ૨૭ પી.આઈ, ૬૫ પી.એસ.આઈ, ૪૦૦ પોલીસ, ૫૫ મહિલા પોલીસ, ૨૫ ટ્રાફિક પોલીસ, ૫૦ કમાન્ડો, ૫ કંપની એસ.આર.પી, અને ૧ મહિલા પ્લાટુન બંદોબસ્ત સંભાળશે. આજ મોડી સાંજથી જ વિધાનસભા સંકુલ અને રોડ પર પોલીસ તૈનાત કરી દેવામાં આવી છે.

# સચિવાલય સંકુલમાં મોદીનો અભિવાદન સમારોહ

## વિધાનસભા પાછળના નવા હેલીપેડમાં કર્મચારી-અધિકારીઓ નરેન્દ્ર મોદીનું અભિવાદન કરશે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરમાં આજે દેશના પદનામિત વડાપ્રધાનનો અભિવાદન સમારોહ યોજાશે. વિધાનસભા પાછળ સ્થિત નવા હેલીપેડ મેદાનમાં સાંજે ૫.૩૦ કલાકે યોજાનારા આ સમારોહ દરમિયાન ભાવિ સી.એમ. નરેન્દ્ર મોદીનું કર્મચારી એસોસિએશન દ્વારા અભિવાદન કરવામાં આવશે. આ સમારોહમાં વિશાળ સંખ્યામાં કર્મચારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

ગુજરાતમાં છેલ્લા ૧૩ વર્ષથી વધુ સમયકાળથી મુખ્યમંત્રી પદ સંભાળી રાજયના નમૂનારૂપ વિકાસ માટે ઉમદા સેવા પ્રદાન કરનારા નરેન્દ્ર મોદી જંગી બહુમત હાંસલ કરીને પી.એમ. બનવા જઈ રહ્યા છે જયારે પ્રધાનમંત્રી પદ સંભાળતા પૂર્વે મોદી તા. ૨૧મીએ બપોરે મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું સુપ્રત કરશે.

ત્યારબાદ નવા મુખ્યમંત્રીની વરણી માટેની ખાસ બેઠકમાં હાજરી આપી સાંજે રાજયના કર્મચારીઓને સંબોધશે. ૨૧મીએ સાંજે ૫.૩૦ કલાકે વિધાનસભા સચિવાલય પાછળના નવા હેલીપેડ મેદાનમાં ભારતના પદનામિત વડાપ્રધાનનો અભિવાદન સમારોહ યોજવામાં આવશે. આ દરમિયાન મોટી સંખ્યામાં ઉપસ્થિત કર્મચારીઓ અને અધિકારીઓ નરેન્દ્ર મોદીનું અભિવાદન કરશે. પ્રત્યેક કર્મચારી એસોસિએશનના બે હોદ્દેદારો દેશના પદનામિત પ્રધાનમંત્રી અભિવાદન કરશે આ સમારોહમાં પ્રત્યેક અધિકારી કર્મચારીઓને પોતાનું આઈડી કાર્ડ બહાર દેખાય તે રીતે સાથે રાખવા જણાવાયું છે. આ ઉપરાંત સમારોહના




(તસવીર : દિપક જાની)

સ્થળે મોબાઈલ, હેન્ડપર્સ અને પાણીની બોટલ જેવી વસ્તુઓ સાથે ન રાખવા જણાવાયું છે. કર્ચમારીઓને બ્લોક નં. ૩ અને ૧૦ની પાસે વાહન પાર્ક કરવા પણ જણાવાયું છે. અભિયાન સમારોહના આયોજનના પગલે સાંજે ૬.૨૫ કલાકે ઉપડતી પોઈન્ટની બસો સાંજે ૭.૩૦ કલાકે ઉપડશે.


SAHJANAND SCHOOL OF ACHIEVER
Std:11th & 12th Science (Eng. & Guj. Medium)
Education For Freedom



Since 2007
SAHJANAND SCHOOL OF ACHIEVER
has an outstanding track of records with achievements in Gujarati Medium through Good Managment, Unity (Team work) and High Quality Education.
Now, on high demand of parents, SAHJANAND SCHOOL OF ACHIEVER is committed to out perform in
ENGLISH MEDIUM
Courses Available : GSEB, GUJCET, JEE (Main), JEE (Advance)
English Medium Team



CO-ORDINATOR Maulik Shukla
MATHEMATICS Amit Shah
PHYSICS Mustafa Buxa
CHEMISTRY Ayush Thakkar
BIOLOGY Dr.Kirti Patel
Contact us :Ph. 84 60 40 88 80, 23 22 21 20 Visit us :www.schoolofachiever.in
For further inquiry visit : Plot No.472, Nr.Kh-0, At.Sargasan ,Dist. Gandhinagar.
Specialization :
Well experienced and highly qualified faculties are continuously delivering their teaching since 2007.
Managed by : Shri Sahjanand Charitble trust



નોટીસ
સાંચા કામ સબબે તારીખ ૨૩-૫-૧૪, શુક્રવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો સવારના ૧૧-૦૦ કલાકથી સાંજના ૬-૦૦ કલાક સુધી બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.
૧. સેક્ટર-૧૯ સબસ્ટેશન
સહી/-
ટોરેન્ટ પાવર લિમિટેડ



LED, LCD & Colour TV
રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧



Videography & Photography
લગ્ન પ્રસંગ
રીસેપ્શન
સંગીત સંધ્યા
બર્થ-ડે પાર્ટી
એડ-ફિલ્મ
ડોક્યુમેન્ટરી ફિલ્મ
Web Designing
Live Video Coverage
vivify
C-202, 2nd Floor, Swagat Rain Forest-III, KH-Road, Hadmatiya, Gandhinagar.
મો. ૯૮૨૪૮ ૨૮૧૬૯



હાર્દિક અભિનંદન



શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન
શ્રી દિપસિંહજી રાઠોડ
સંસદ સભ્ય
સાબરકાંઠા જિલ્લા
જનતા જનાર્દનના હૃદયસમ્રાટ અને ગુજરાતનું ગૌરવ એવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની અવિરત વિકાસયાત્રામાં સહભાગી તરીકે સામેલ થયેલા સાબરકાંઠા જિલ્લાના પનોતા પુત્ર અને લોકલાડીલા સાંસદ શ્રી દિપસિંહજી રાઠોડને ભવ્યાતિભવ્ય વિજય બદલ અમારા અંતરના હાર્દિક અભિનંદન.
લિ.
પ્રવિણભાઈ રાવજીભાઈ પટેલ
પ્રમુખ
તલોદ નગરપાલિકા, તલોદ



SANGHI CEMENT
Kisan
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com